પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૬ | ૯ માર્ચ, ૨૦૨૧, મંગળવાર; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સાઉદી અરબના તેલ કેન્દ્રો પર હુમલા



**અડધાથી વધુ ઉત્પાદન અટક્યુ : યમનની હાઉથી સેનાનો ડ્રોન અને મિસાઈલોથી હુમલો : સૌથી મોટા શિપિંગ પોર્ટ રાસ તેનુરા પોર્ટ પર થયેલા હુમલાને લીધે દુનિયામાં ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચ્યા : પરિસ્થિતિ હજુ વણસવાના સંકેત**

રિયાધ, તા. ૮

સાઉદી અરબના મુખ્ય તેલ ઉત્પાદન કેન્દ્ર અને અરામકોના રેસિડેન્સિયલ વિસ્તાર પર યમનની હાઉથી સેનાએ રવિવારની સવારે ડ્રોન અને મિસાઈલોથી હુમલો કર્યો હતો. આ હુમલા સાઉદી અરબના રાસ તેનુરામાં સ્થિત દેશના તેલ ઉત્પાદન કેન્દ્ર પર થતાં ઓઈલ ઉત્પાદન બંધ કરવાનો વારો આવ્યો હતો.

સાઉદી ઓઈલ ઉત્પાદન અને સૌથી મોટા શિપિંગ પોર્ટ રાસ તેનુરા પોર્ટ પર થયેલા હુમલાને લીધે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે.

સાઉદી અરબના ઉર્જા મંત્રાલય તરફથી માહિતી આપવામાં આવી હતી કે, આ હુમલાથી મોટુ આર્થિક કે જાનમાલનું નુકસાન પહોંચ્યુ નથી. આ અંગે સાઉદી અરબ રક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડિઝલના ભાવવધારા મુદ્દે રાજ્યસભામાં વિપક્ષોનો હંગામો

**વિપક્ષો દ્વારા ભારે હોબાળો થતાં રાજ્યસભા ગૃહની કાર્યવાહી થોડા સમય માટે મુલત્વી રાખવાની ફરજ પડી**

નવી દિલ્હી, તા. ૮

સંસદના બજેટ સત્રના બીજા ભાગની શરૂઆત આજથી થઈ છે. રાજ્યસભામાં કાર્યવાહીની શરૂઆત થતાં જ વિપક્ષે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા અંગે હંગામો કર્યો હતો. જે બાદ રાજ્યસભાની કાર્યવાહી ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી.

જે બાદ ૧૧ વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. કોંગ્રેસ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અંગે ચર્ચા કરવાની માંગ કરી હતી. જો કે, ડેપ્યુટી સ્પીકરે આ અંગે ચર્ચાનો ઈનકાર કર્યો હતો. રાજ્યસભા હવે ૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે. વિપક્ષે ગૃહમાં વિરોધ કર્યો હતો કે, પેટ્રોલ, ડીઝલ અને સિલિન્ડરના ભાવ કેટલાક દિવસોથી આસમાને છે. આવામાં ગરીબોને ઘણી પરેશાની થઈ રહી છે. આ એક દેશવ્યાપી મુદ્દો છે. આવામાં સરકારે તરત ચર્ચા કરવી જોઈએ. કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, સમગ્ર દેશ સંકટમાં છે. આવામાં સરકારે કોઈ હલ કાઢવો જોઈએ.



કોંગ્રેસ સાંસદોએ રાજ્યસભાની સાથે સાથે લોકસભામાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતોને લઈને મુલતવી પ્રસ્તાવ આપ્યો છે. રાજ્યસભામાં કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં મનીષ તિવારીએ મુલતવી પ્રસ્તાવ આપ્યો છે અને પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતો પર ચર્ચાની માંગ કરી છે.

## ટીએમસીના પાંચ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

**પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા મમતા બેનર્જીને ફરી મોટો ઝટકો**

કોલકાત્તા,તા.૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા મમતા બેનર્જીને ફરી મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે ટીએમસીના પાંચ ધારાસભ્યો પાર્ટી છોડી ભાજપમાં સામેલ થઈ ગયા છે. જે ટીએમસી નેતાઓએ મમતા બેનર્જીનો સાથ છોડ્યો છે તેમાં સોનાલી ગુહા, દીપેન્દૂ બિસ્વાસ, રબિન્દ્રનાથ ભટ્ટાચાર્ય, જટૂ લાહિડી, શીતલ સરદાર અને હબીબપુરથી ટીએમસી ઉમેદવાર સરલા મુર્મૂ સામેલ છે.

આ બધા સોમવારે પશ્ચિમ બંગાળ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષ, શુભેંદુ અધિકારી અને મુકુલ રોયની આગેવાનીમાં ભાજપમાં જોડાયા છે. રબિન્દ્રનાથ ભટ્ટાચાર્ય ૨૦૦૧થી સિંગુર વિધાનસભા સીટથી ટીએમસી ધારાસભ્ય રહ્યા છે. તેઓ સિંગુરના મુખ્ય ચહેરાઓમાંથી એક છે. આ વખતે પાર્ટીએ તેમને ટિકિટ આપી નથી.

ટીએમસી ૨૯૧ સીટો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરી ચુકી છે, જેમાં ૫૦ મહિલાઓને ટિકિટ આપવામાં આી છે. ૨૦૧૬મા પાર્ટીએ ૪૫ મહિલાઓને ઉમેદવાર બનાવી હતી. આ વખતે પાંચ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર



## ઈસરોની ૨૮મીએ જીઓઈમેઝિંગ સેટેલાઈટ લોન્ચીંગ માટે તૈયારી

**સીમા પરની ગતિવિધિઓ પર રાખશે બાજનજર**



બેંગ્લુરુ,તા.૮

સરહદ પરની ગતિવિધિઓ પર બાજનજર રાખી શકાય તે દૃષ્ટિએ ભારત ૨૮મી માર્ચે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છોડવા તૈયારી કરી રહ્યું છે. આંધ્ર પ્રદેશના નેલ્લોર જિલ્લામાં આવેલા શ્રીહરિકોટા સ્પેસપોર્ટથી જીએસએલવીએફ-૧૦ રોકેટ વડે સ્પેસમાં જીઆઈએસએટી-૧ છોડવામાં આવશે.

બેંગલૂરુમાં હેડકવાર્ટર ધરાવતા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના એક અધિકારીએ કહ્યું કે 'હવામાન સાનુકૂળ હશે તો ૨૮મી માર્ચે જીઓઈમેઝિંગ સેટેલાઈટ લોન્ચ કરવાની અમારી યોજના છે.

રોકેટ અવકાશયાનને જિયોસિંક્રોનસ ઓર્બિટમાં દાખલ કરશે અને તે પછી ઓનબોર્ડ પ્રોપ્લઝન સિસ્ટમની મદદથી સેટેલાઈટને પૃથ્વીના ઈવેકટરની ઉપર ૩૬૦૦૦ કિલોમીટર પર આવેલી જિયોસ્ટેશનરી ઓર્બિટમાં ગોઠવવામાં આવશે.

## શું અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારી શકાય?: સુપ્રિમનો રાજ્યોને સવાલ

ન્યુ દિલ્હી,તા.૮

શિક્ષણ અને નોકરીઓમાં મરાઠા સમુદાયને અનામત આપવા સંબંધિત મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદાને લઈ દાખલ અરજી પર સોમવારથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અનામતના મામલા પર તમામ રાજ્યોને સાંભળવા આવશ્યક છે. એવામાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને નોટિસ જાહેર કરી છે અને પૂછ્યું છે કે શું અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારી શકાય છે? મરાઠા અનામત પર આ સુનાવણીને ૧૫ માર્ચ સુધી ટાળવામાં આવી છે.

**મરાઠા અનામત મામલે સુપ્રિમમાં સુનાવણી, તમામ રાજ્યોને નોટિસ જાહેર કરી : મરાઠા અનામત પર સુનાવણી ૧૫ માર્ચ સુધી ટળી, અનામત મુદ્દે દરેક રાજ્યોને સાંભળવા જરૂરી,મરાઠા અનામત સાથે જોડાયેલા પાંચ જજની બેન્ચ ૧૮ માર્ચ સુધી સતત સુનાવણી કરશે**

ગયા વર્ષે ૯ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદા સાથે જોડાયેલા મુદ્દાઓ પર ત્વરિત સુનાવણી કરવી જરૂરી છે કારણ કે કાયદો સ્થગિત છે અને લોકો સુધી તેનો ફાયદો પહોંચી નથી રહ્યો. નોંધનીય છે કે નોકરીઓ અને એડમિશનમાં મરાઠા સમુદાયના લોકોને અનામત આપવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) કાયદો ૨૦૧૮ને લાગુ કરવામાં આવ્યો હતો.

સોમવારે મામલાની સુનાવણી દરમિયાન વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે આ મામલામાં આર્ટિકલ ૩૪૨છની વ્યાખ્યા પણ સામેલ છે. એવામાં આ તમામ રાજ્યોને પ્રભાવિત કરી શકાય છે. તેથી એક અરજી દાખલ થઈ છે. તેમાં કોર્ટને તમામ રાજ્યોને સાંભળવા જોઈએ. મુકુલ રોહતગીએ કહ્યું કે તમામ રાજ્યોને સાંભળ્યા વગર આ મામલા પર નિર્ણય ન લઈ શકાય.

જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આ મામલાની સુનાવણી કરી રહી છે. આ બેન્ચમાં જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ, જસ્ટિસ એસ. અબ્દુલ નજીર, જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ પણ છે. આ પહેલાની સુનાવણીમાં બેન્ચે કહ્યું હતું કે તેઓ આ મુદ્દા ઉપર પણ દલીલો સાંભળશે કે ઈન્દિરા સાહની મામલામાં ઐતિહાસિક નિર્ણય જેને 'મંડલ ફૈસલા' નામથી ઓળખવામાં આવે છે તેની પર પુનઃ વિચાર કરવાની આવશ્યક્તા છે કે નહીં.

## કોરોના રસીકરણ અભિયાનને રાજનીતિથી દૂર રાખવું જોઈએ

**ભારતમાં કોરોનાની મહામારી ખતમ થવા જઈ રહી છે, રસીકરણ પાછળના વિજ્ઞાન પર વિશ્વાસ રાખવાની જરૂર : હર્ષવર્ધન**



નવી દિલ્હી,તા.૮

દેશના ઘણાં રાજ્યોમાં ફરી કોરોનાના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં તો એક દિવસમાં ૧૦ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન કેન્દ્રિય સ્વાસ્થ્યમંત્રી હર્ષવર્ધનનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં હવે કોરોનાની મહામારી ખતમ થવા જઈ રહી છે. રસીકરણ પાછળના વિજ્ઞાન પર વિશ્વાસ રાખવાની જરૂર છે, કોરોનાની મહામારી ખતમ થવા જઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે કોરોના વાયરસના રસીકરણ અભિયાનને રાજનીતિથી દૂર રાખવું જોઈએ. આ રસીકરણ સાથે જોડાયેલા વિજ્ઞાન પર વિશ્વાસ રાખવો જોઈએ. કેન્દ્રિય સ્વાસ્થ્યમંત્રી હર્ષવર્ધને રવિવારે ધર્મશિલા નારાયણ હોસ્પિટલના સહયોગથી આયોજિત દિલ્હી મેડિકલ એસોસિએશનના ૬૨મા વાર્ષિક દિલ્હી રાજ્ય મેડિકલ સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે દેશમાં હવે કોરોનાની ૨ કરોડ કરતા વધારે રસી લગાવવામાં આવી છે અને રસીકરણ દર વધીને પ્રતિદિન ૧૫ લાખ થયો છે.

## ભારત-ચીન મિત્ર છે, પ્રતિસ્પર્ધી નહીં : વાંગ યી

**ચીનના વિદેશ મંત્રીનું ભારત વિશે મોટું નિવેદન : ભારત-ચીનની સેનાઓ વચ્ચે હાલમાં પૂર્વ લદાખમાં ડિસએન્ગેજમેન્ટને લઈ સહમતિ બની હતી, હવે ભારત વિશે ચીનના સ્ટેન્ડમાં ફેરફાર જોવા મળી રહ્યો છે**

બેઈજિંગ,તા.૮

ભારત અને ચીનની સેનાઓ વચ્ચે હાલમાં જ પૂર્વ લદાખમાં ડિસએન્ગેજમેન્ટને લઈને સહમતિ બની હતી. હવે ભારત વિશે ચીનના સ્ટેન્ડમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. ચીની વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે ચીન અને ભારતે સરહદ મુદ્દાના ઉકેલ માટે એક બીજાને નુકસાન પહોંચાડવાનું અને પરસ્પર શંકા કરવાનું છોડી દેવું જોઈએ અને દ્વિપક્ષીય સહયોગનો વિસ્તાર કરીને અનુકૂળ માહોલ બનાવવો જોઈએ. ચીની વિદેશ મંત્રી વાંગ યીએ ચીન અને ભાત વચ્ચે સંબંધ માટે સરહદ વિવાદને સંપૂર્ણ રીતે જવાબદાર ન હોવાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે બંને દેશ મિત્ર અને ભાગીદાર છે પરંતુ તેમણે એકબીજા પર શંકા કરવાનું છોડી દેવું જોઈએ. તેમણે ગત વર્ષ મે મહિનામાં પૂર્વ લદાખમાં સરહદ ગતિરોધ થયા બાદથી ભારત-ચીન સંબંધોની હાલની સ્થિતિ પર પોતાના વાર્ષિક પત્રકાર સંમેલનમાં એક સવાલના જવાબમાં કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર



## બાટલા હાઉસ એન્કાઉન્ટર: આતંકી આરિજ ખાન દોષી જાહેર

**આરિજ ખાન ૨૦૦૮માં દિલ્હી, જયપુર, અમદાવાદ અને યુપીની અદાલતોમાં થયેલા બોમ્બ વિસ્ફોટનો મુખ્ય આરોપી હતો**

ન્યુ દિલ્હી,તા.૮

દિલ્હીની એક કોર્ટ ૨૦૦૮ના બાટલા હાઉસ એકાઉન્ટર કેસમાં સામેલ આતંકી આરિજ ખાનને દોષી જાહેર કર્યો છે. દિલ્હી કોર્ટે આ કેસમાં આરોપીને સજા આપવા માટે ૧૫ માર્ચે સુનવણી કરતા નિર્ણય લેશે. વર્ષ ૨૦૦૮માં દિલ્હીના બાટલા હાઉસ એકાઉન્ટરમાં દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલમાં ફરજ બજાવી રહેલા ઈન્સ્પેક્ટર મોહન ચંદ શર્મા આતંકીઓ દ્વારા ગોળી મારવાથી શહીદ થયા હતા. આ એક્રાઉન્ટરમાં અન્ય બે પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## રાફેલ વિમાન બનાવતી ડસોલ્ટ કંપનીના માલિકનું હેલિકોપ્ટર ક્રેશમાં મોત

પેરિસ,તા.૮

ભારતમાં વિવાદાદસ્પદ બનેલા વિમાન રાફેલની નિર્માતા કંપની ડસોલ્ટના માલિક ઓલિવિયરનું હેલિકોપ્ટર ક્રેશમાં મોત થઈ ગયું. ઓલિવર ફ્રાંસિસી ઉદ્યોગપતિ સર્જ દસોના સૌથી મોટા પુત્ર અને દસો કંપનીના સંસ્થાપક મોર્કેસ મોર્કેલના પૌત્ર હતા. તેમની વય ૬૯ વર્ષની હતી.

ફ્રાંસના અબજપતિ ઉદ્યોગપતિ ઓલિવિયર ડસોલ્ટ તેમની કંપની જ રાફેલ યુદ્ધ વિમાન બનાવે છે. અહેવાલો મુજબ રવિવારે ઓલિવર રજા મનાવવા ગયા હતા, ત્યારે તેમનું ખાનગી હેલિકોપ્ટર નોર્મડીમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. હેલિકોપ્ટર ક્રેશમાં તેમની સાથે પાઈલટનું પણ મોત થઈ ગયું. તેમના નિધન પર ફ્રાંસના પ્રમુખ ઈમાનુએલ મેક્રોંએ શોક વ્યક્ત કર્યું છે.

ઓલિવિયર સંસદ સભ્ય પણ હતા. તેથી રાજકીય કારણોસર અને હિતોની ટક્કરની બચવા

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાને દિલ્હીમાં ઈઝરાયલી દૂતાવાસ બહાર બ્લાસ્ટ કરાવ્યો હોવાનો ખુલાસો

**બોમ્બ એક સ્થાનિક ભારતીય શિયા મોડ્યુલે પ્લાન્ટ કર્યો હતો : તપાસમાં જોડાયેલ એનઆઇએ અને ઇઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદને મળેલા પુરાવામાં ઘટસ્ફોટ જાણકારી**

ન્યુ દિલ્હી,તા.૮

જાન્યુઆરી મહિનાના અંતમાં નવી દિલ્હી ખાતે આવેલા ઈઝરાયલના દૂતાવાસ બહાર જે વિસ્ફોટ થયો હતો તેમાં ઈરાનનો હાથ હોવાનું સામે આવ્યું છે. ભારત સાથેની દુશ્મનાવટના કારણે ઈરાને ખૂબ ચાલાકીપૂર્વક ભારતના લોકલ મોડ્યુઅલની મદદ લીધી હતી. બોમ્બ વિસ્ફોટની તપાસમાં જોડાયેલા એનઆઈએ અને ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદને મળેલા પુરાવાના આધારે આ જાણકારી સામે આવી છે.

તપાસ એજન્સીઓને એક પત્ર મળ્યો હતો જેમાં આ હુમલો બે ઈરાની નાગરિકોની હત્યાનો બદલો લેવા કરવામાં આવ્યો હોવાનું લખેલું હતું. ત્યાર બાદ

● અનુસંધાન પાન-૭ પર

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Vશાલ
SUPER MARKETની આજ
ગાય છાપ બેસન
૭૦/-રૂ. MRP ૮૮/-
સેક્ટર-૬/કુડાસણ